# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫ તા.૨૯-૦૪-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : ઓલ ગુજરાત ટી-૨૦ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટમાં ભાગ લેવા બાબત.

સંદર્ભ : અંબુભાઈ પુરાણી વ્યાયામ વિદ્યાલય,અ.મ્યુ.કો. સરકયુલર નં.૦૧ તા.૨૮-૦૪-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, સુરત મહાનગરપાલિકા દ્વારા ઓલ ગુજરાત ટી-૨૦ ડે-નાઈટ ક્રિકેટ ટુર્નામેન્ટનું આયોજન તા.૧૧-૦૫-૨૦૨૨ થી તા.૧૭-૦૫-૨૦૨૨ દરમ્યાન કરેલ છે. સદર ટુર્નામેન્ટમાં ભાગ લેવા ૪૫ વર્ષ સુધીના કર્મચારીઓ માટે માન.મ્યુનિ.કમિશનરશ્રીની ટીમની પસંદગી નીચે જણાવેલ તારીખ,સમય અને સ્થળ ઉપર રાખવામાં આવેલ છે. તો રૂચિ ધરાવતા અધિકારી / કર્મચારીઓને પસંદગી માટે **અનુકુળ યુનિફોર્મમાં છેલ્લા માસની ઓરીજનલ પગાર સ્લીપ સાથે** ઉપસ્થિત રહેવા જણાવવામાં આવે છે.

| | | |
|---|---|---|
| તારીખ | : | ૦૨-૦૫-૨૦૨૨, સોમવાર |
| સમય | : | સવારે ૭-૦૦ કલાકે |
| સ્થળ | : | સરદાર પટેલ સ્ટેડિયમ, નવરંગપુરા |

તા.૨૯-૦૪-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૧૫-A તા.૨૯-૦૪-૨૦૨૨

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય : હયાત જર્જરિત વર્ગખંડો ઉતારી પાડવાની કાર્યવાહી કરવા બાબત.

સંદર્ભ : ક્રમાંક : સમગ્ર શિક્ષા/સિવિલ/૨૦૨૨/૧૩૨૦૯-૧૩૨૪૫ તા.૨૮-૦૪-૨૦૨૨

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, તમામ મ્યુનિ.શાળાઓમાં વર્ગખંડ નિર્માણ/મરામત અને જર્જરિત વર્ગખંડો ઉતારી પાડવાની કાર્યવાહી / પ્રક્રિયા એ સતત ચાલતી નિરંતર પ્રક્રિયા છે. સદર કાર્યવાહી અંગે વખતોવખત પરિપત્રો, માર્ગદર્શન , ઠરાવો તથા સૂચનાઓ આપવામાં આવતી હોવા છતાં વર્ગખંડો ઉતારી પાડવાની કાર્યવાહી સ્થાનિક કક્ષાએથી સમયમર્યાદામાં થતી નથી. જેના પરિણામે અનિચ્છનિય બનાવ બનવાની તેમજ અકસ્માત સર્જાવવાની ભીતી રહેલ છે. જે ખૂબ જ ગંભીર બાબત છે.

આગામી સમયમાં ચોમાસું બેસનાર છે તેમજ વિધાનસભાની ચૂંટણીઓ પણ યોજાનાર છે. ચૂંટણી સમયે આવા વર્ગખંડોનો ઉપયોગ મતદાન મથક તરીકે થતો હોય છે. તો આવી પરિસ્થિતિમાં કોઈ અનિચ્છનિય બનાવ ન બને તેમજ કોઈપણ ગંભીર અકસ્માત નિવારવા આ સાથે સામેલ સંદર્ભિત પત્રમાં આપેલ સૂચના અને માર્ગદર્શન પ્રમાણે હયાત જર્જરિત વર્ગખંડો ઉતારી પાડવાની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

સંદર્ભિત પત્રમાં દર્શાવ્યા અનુસારના પરિશિષ્ટ-૧ મુજબનું પ્રમાણપત્ર તમામ મુખ્ય શિક્ષકશ્રીઓએ તા.૨-૫-૨૦૨૨ ના રોજ સવારે ૧૧-૦૦ વાગ્યા સુધીમાં તમારા ઝોનના મદદનીશ શાસનાધિકારીશ્રીને મોકલી આપવા જણાવવામાં આવે છે.

મદદનીશ શાસનાધિકારીશ્રી પરિશિષ્ટ-૨ મુજબનું પ્રમાણપત્ર તા.૨-૫-૨૦૨૨ના રોજ સાંજે ૪-૦૦ વાગ્યા સુધીમાં અત્રેની કચેરીએ મોકલી આપવાનું રહેશે.

બિડાણ :- સંદર્ભિત પત્ર

તા.૨૯-૦૪-૨૦૨૨

ડૉ.એલ.ડી.દેસાઈ
શાસનાધિકારી

NIPUN BHARAT
પાયાની સાક્ષરતા અને અંક જ્ઞાન

શિક્ષણનો અધિકાર
સમગ્ર શિક્ષા
સૌ ભણે, સૌ આગળ વધે

ગુજરાત શાળા શિક્ષણ પરિષદ
સ્ટેટ પ્રોજેકટ ઓફિસ; સમગ્ર શિક્ષા
સેકટર૧૭-, ગાંધીનગર૩૮૨૦૧૭-
ફોનં નં૨૩૨૪૩૧૩૩-૦૭૯ ., ૨૯૬૩૮૪૦૪
Email: ssamcivilgcpe@gmail.com
Website: www.ssagujarat.org
હેલ્પલાઇન નં: ૧૮૦૦૭૯૬૫-૨૩૩-

ક્રમાંકઃ સમગ્ર શિક્ષા/સિવિલ/૨૦૨૨ / ૧૩૨૦૯ - ૧૩૨૭૫  તા. ૨૮-મે-૨૦૨૨

**પ્રતિ,**
**જિલ્લા પ્રોજેકટ કો.ઓર્ડિનેટર**
**અને**
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/ જિલ્લા શિક્ષણાધિકારીશ્રી**
**જિલ્લા : તમામ**
**શાસનાધિકારીશ્રી. અમદાવાદ, વડોદરા, રાજકોટ અને સુરત**

**વિષય : રાજયની શાળાઓમાં હયાત જર્જરિત વર્ગખંડોને ઉતારી પાડવાની કાર્યવાહી બાબત.**
**સંદર્ભ : (૧)અત્રેની કચેરીના પત્ર ક્રમાંક : પ્રા.શિ.નિ/ચ–૧/ઓરડા/૨૧–૨૨/૫૯૭૧–૬૦૨૩, તા.૨૩/૧૨/૨૦૨૧**
**શ્રીમાન,**

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે, રાજયની શાળાઓમાં વર્ગખંડ નિર્માણ /મરામત અને જર્જરિત વર્ગખંડ ઉતારી પાડવાની કાર્યવાહી/પ્રક્રિયા એ સતત ચાલતી નિરંતર પ્રક્રિયા છે. જે અંતર્ગત રાજય/એસએમસી/SMDC કક્ષાએથી સમયાંતરે નિર્માણ/મરામતની કાર્યવાહી કરવામાં આવતી હોય છે. આ ઉપરાંત જર્જરિત વર્ગખંડો માટે શાળા કક્ષાએથી અરજી કરતાં, સક્ષમ સત્તાધિકારીશ્રી ધ્વારા સ્થળ તપાસ કરી માર્ગ અને મકાન વિભાગની માર્ગદર્શિકાઓ, વખતોવખતના ઠરાવો/પરિપત્રો અને સુચનાઓ અન્વયે ઉતારી પાડવાની મંજુરી આપવામાં આવે છે. જે અન્વયે જર્જરિત વર્ગખંડોને ઉતારી પાડવાની કાર્યવાહી સ્થાનિક કક્ષાએથી થતી હોય છે. પરંતુ હાલ તમામ જગ્યાએ ઉપરોક્ત પ્રથાનો સમયમર્યાદામાં પાલન થતું હોય તેવું પ્રાથમિક દ્રષ્ટિએ જણાતું નથી. જેના પરિણામ સ્વરૂપે અનિચ્છનિય બનાવ બનવાની તેમજ અકસ્માત થવાની ભીતી રહેલ છે, જે ખૂબ જ ગંભીર બાબત છે.

હવે આગામી સમયમાં ચોમાસું બેસનાર છે તેમજ આગામી સમયમાં વિધાનસભાની ચૂંટણીઓ પણ યોજાનાર છે. ચૂંટણી વખતે આવા વર્ગખંડોનો ઉપયોગ મતદાન મથક તરીકે પણ થતો હોય છે. તો આવી પરિસ્થિતીમાં ચોમાસા દરમ્યાન અથવા ચાલુ શૈક્ષણિક કાર્ય દરમ્યાન કે ચુંટણીની પ્રક્રિયા દરમ્યાન કોઈ અનિચ્છનીય બનાવ ન બને તેમજ કોઈપણ ગંભીર અકસ્માત નિવારવા આ મંજુરી મળેલ જર્જરિત વર્ગખંડો નિયત પધ્ધતિ મુજબ ઉતારી પાડવાની પ્રક્રિયા તાત્કાલિક હાથ ધરવાની જરૂરિયાત જણાય છે.

જેથી ઉપર વર્ણવ્યા મુજબ સ્થાનિક કક્ષાએથી નિયત પધ્ધતિ મુજબ જર્જરિત વર્ગખંડો ઉતારી પાડવાની કાર્યવાહી અંગે સત્વરે આપની કક્ષાએથી આચાર્ય/મુખ્ય શિક્ષક/એસએમસી ને જાણ કરવા જણાવવામાં આવે છે. તેમજ આ સાથે સામેલ પરિશિષ્ટ–૧ મુજબના પ્રમાણપત્ર તમામ શાળાના આચાર્ય/મુખ્ય શિક્ષક પાસેથી મેળવી આ સાથે સામેલ

પરિશિષ્ટ–૨ મુજબનો વિગતવાર અહેવાલ અત્રેની કચેરીએ દિન–૧૦ માં મોકલી આપવા જણાવવામાં આવે છે. આ અંગે કોઈપણ પ્રકારની બેદરકારી અંગે આચાર્ય/મુખ્ય શિક્ષકશ્રીની સઘળી જવાબદારી રહેશે. તેમજ આપશ્રી ધ્વારા આ બાબતનું સઘન મોનીટરીંગ અને સુપરવિઝન કરી સમયમર્યાદામાં કામગીરી પૂર્ણ થાય તે સુનિશ્ચિત કરવાનું રહેશે. આ ઉપરાંત સંદર્ભ દર્શિત પત્ર (૧) થી પરિપત્રિત કરેલ સુચનાઓનું ચુસ્ત પાલન કરવાનું રહેશે.

સ્ટેટ પ્રોજેકટ ડાયરેકટર
સમગ્ર શિક્ષા, ગાંધીનગર

**નકલ રવાના :**

- અંગત સચિવશ્રી, માન. સચિવશ્રી, (પ્રાથમિક અને માધ્યમિક) સચિવાલય, ગાંધીનગર ને જાણ સારૂ.

# <u>પરિશિષ્ટ –૧</u>

## <u>પ્રમાણપત્ર</u>

આથી પ્રમાણિત કરવામાં આવે છે કે ...........જિલ્લામાં .................તાલુકામાં ................ પ્રાથમિક/માધ્યમિક/ઉચ્ચતર માધ્યમિક શાળા સંકુલમાં આવેલ કુલ ................ વર્ગખંડો સક્ષમ અધિકારીશ્રી ધ્વારા તા................. થી જર્જરિત જાહેર કરવામાં આવેલ છે, તે પૈકી .........જર્જરિત વર્ગખંડો ઉતારી લેવામાં આવેલ છે, ........... જર્જરિત વર્ગખંડો ઉતારી લેવાની કાર્યવાહી પ્રગતિ હેઠળ છે, .......... તે પૈકી જર્જરિત વર્ગખંડો કોર્ડન કરી રક્ષિત કરેલ છે, .............વર્ગખંડો ઉતારી લેવાના બાકી છે.

ઉપરોકત જર્જરિત વર્ગખંડોથી કોઈપણ પ્રકારનો અનિચ્છનીય બનાવ/અકસ્માત ન બને તે માટેના સુરક્ષાના આગોતરા પગલાં લેવામાં આવેલ છે. જે બદલ આ પ્રમાણપત્ર આપવામાં આવે છે.

| | |
|---|---|
| ટેકનિકલ રિસોર્સ પર્સન | આચાર્ય/મુખ્ય શિક્ષક |
| ........................ શાળા | ................. તાલુકા |
| તા. / / | તા. / / |

# <u>પરિશિષ્ટ –૨</u>

## જિલ્લા શિક્ષણાધિકારીશ્રી/પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીએ આપવાની થતી માહિતી

**જિલ્લોઃ .........................** **તાલુકો : ......................**

| અનુ નં | શાળાનું નામ | જર્જરિત જાહેર કરાયેલ વર્ગખંડોની સંખ્યા | ઉતારી પાડવામાં આવેલ વર્ગખંડોની સંખ્યા | જર્જરિત વર્ગખંડો ઉતારી લેવાની કામગીરી પ્રગતિમાં હોય તેવા વર્ગખંડોની સંખ્યા | રક્ષિત કરાયેલ વર્ગખંડ | ઉતારી પાડવાના બાકી વર્ગખંડોની સંખ્યા | રીમાકર્સ |
|---|---|---|---|---|---|---|---|
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |
| | | | | | | | |

જિલ્લામાં આવેલ શાળા સંકુલમાં જર્જરિત જાહેર કરાયેલ વર્ગખંડો અંગે ઉપર જણાવેલ માહિતી સાચી છે તથા કોઈ અનિચ્છનીય બનાવ કે અકસ્માત ન થાય તેની તકેદારી રાખવામાં આવેલ છે.

તા.....................

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારી

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીની કચેરી

જિલ્લો : ......................

જિલ્લા પ્રોજેકટ ઈજનેર

જિલ્લો .................................